**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER</u>:** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

================================================================

ગુજરાત વડી અદાલત, અમદાવાદ સમક્ષ

કંપની પિટિશન નં. ૨૨૯/૨૦૧૩

મંજૂરી અને સહી માટે:

માનનીય ન્યાયમૂર્તીશ્રી એન.વી. અંજારિયા

================================================================

૧ શું સ્થાનિક અખબારોના પત્રકારોને ચુકાદો જોવાની મંજૂરી આપી શકાય? હા

૨ રિપોર્ટરને મોકલવું કે નહીં ? હા

૩ શું માનનીય ન્યાયમૂર્તીશ્રીઓ ચુકાદાની આખરી નકલ જોવા ઈચ્છે છે ?

૪ શું આ કેસમાં ભારતના બંધારણ, ૧૯૫૦ ના અર્થઘટન અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઈ આદેશને લગતો કાયદાનો કોઈ મહત્વનો પ્રશ્ન સંકળાયેલો છે? ના

૫ શું આ બાબત સિવિલ ન્યાયાધીશને મોકલવાની છે ? ના

==========================================================

ડીએચએલ લોજિસ્ટિક્સ પ્રા. લિ....અરજદાર(ઓ)

વિરુદ્ધ

હિનકાસા કોર્પોરેશન પ્રા. લિ....પ્રતિવાદી(ઓ)

==========================================================

ઉપસ્થીતિ:

અરજદાર(ઓ) નં. ૧ તરફે વકીલ શ્રી બી.જે. ત્રિવેદી

અરજદાર(ઓ) નં. ૧ તરફે વકીલ શ્રી જે.ટી. ત્રિવેદી

અરજદાર(ઓ) નં. ૧ તરફે વકીલ સુશ્રી જિજ્ઞાસા બી. ત્રિવેદી

પ્રતિવાદી(ઓ) નં. ૧ તરફે વકીલ શ્રી અંશિન એચ. દેસાઈ

=====================================================

કોરમ: માનનીય ન્યાયમૂર્તીશ્રી એન.વી. અંજારિયા

તારીખ :૦૯/૦૨/૨૦૧૫

સી.એ.વી. ચુકાદો

અરજદાર–મેસર્સ ડીએચએલ લોજિસ્ટિક્સ પ્રાઈવેટ લિમિટેડે પ્રતિવાદી–મેસર્સ હિનકાસા કોર્પોરેશન પ્રાઈવેટ લિમિટેડને ફડચામાં લઈ જવાનો આદેશ આપવા ની દાદ માંગતા કંપની અધિનિયમ, ૧૯૫૬ ની કલમ ૪૩૩ અને ૪૩૪ હેઠળ હાલની કંપની અરજી દાખલ કરી છે.

૨. એવું જણાવવામાં આવ્યું છે કે અરજદાર કંપની અધિનિયમ, ૧૯૫૬ (ત્યારબાદ "અધિનિયમ" તરીકે ઉલ્લેખિત) હેઠળની એક પ્રાઈવેટ લિમિટેડ કંપની છે. તેની રજીસ્ટર્ડ ઓફિસ સિલ્વર યુટોપિયા, કાર્ડિનલ ગ્રેસિયસ રોડ, ચકાલા, અંધેરી (પૂર્વ), મુંબઈ–૪૦૦ ૦૯૯ ખાતે અને શાખા અમદાવાદ ખાતે આવેલી છે. પ્રતિવાદી–મેસર્સ હિનકાસા કોર્પોરેશન પ્રાઈવેટ લિમિટેડ (ત્યારબાદ "કંપની" તરીકે ઉલ્લેખિત) એ અધિનિયમ હેઠળ નોંધાયેલ એક કંપની છે, જેની રજીસ્ટર્ડ ઓફિસ દુકાન નં. ૮, વિનસ એટલાન્ટિસ, ગ્રાઉન્ડ ફ્લોર, આનંદ નગર રોડ, પ્રહલાદનગર, અમદાવાદ–૩૮૦ ૦૧૫ ખાતે આવેલી છે. અરજદારે

જણાવ્યું છે કે તે એક અગ્રણી ફ્રેઇટ ફોરવર્ડર છે, અને હવાઈ તથા દરિયાઈ નૂરમાં વૈશ્વિક કુશળતા ધરાવે છે. અરજદારનો કેસ એવો છે કે તેણે પ્રતિવાદી કંપનીને દરિયાઈ નૂર આયાત અને કસ્ટમ ક્લિયરન્સના સંબંધમાં સેવાઓ પૂરી પાડી હતી.

૩. અરજદારે જણાવ્યું છે કે પ્રતિવાદી કંપનીને પૂરી પાડવામાં આવેલી સેવાઓ માટે, અરજદારે તારીખ ૨૫.૦૬.૨૦૧૨ થી ૦૯.૦૭.૨૦૧૨ ના સમયગાળા માટે છ ઇન્વોઇસ રજૂ કર્યા હતા, અને ઉક્ત ઇન્વોઇસ પેટે રૂ. ૧,૮૪,૨૮૬.૫૭ પૈસાની મૂળ રકમ કંપની પાસેથી લેણી અને બાકી છે. કેસ એવો છે કે અરજદારે તારીખ ૦૪.૦૧.૨૦૧૩ અને ૨૨.૦૨.૨૦૧૩ ના રોજ માંગણી નોટિસો પાઠવી હતી, જેમાં બાકી ચુકવણીની વિગતો આપી હતી, અને એ પણ જાણ કરી હતી કે વાસ્તવિક ચુકવણીની તારીખ સુધી ૧૮% વ્યાજ વસૂલવાપાત્ર રહેશે. અરજદારનું કહેવું છે કે કંપની લેણાં ચૂકવવામાં નિષ્ફળ ગઈ અને તેણે ઉપેક્ષા કરી.

૩.૧ એવું જણાય છે કે પ્રતિવાદી કંપનીએ અરજદારની સેવાઓનો લાભ લીધો હતો, જેણે પ્રતિવાદીની જરૂરિયાત મુજબ ઇટાલીથી દરિયાઈ માર્ગે માલ મેળવવાની વ્યવસ્થા કરી હતી. માલનું વર્ણન મોડ્યુલેટેડ રસોડાના સાધનોને લગતા કાર્ટૂન અને ફર્નિચર તરીકે કરવામાં આવ્યું હતું. પ્રતિવાદી કંપની મોડ્યુલેટેડ રસોડાના સ્થાપનોના વ્યવસાયમાં રોકાયેલી છે. તેણે ગ્રાહકો પાસેથી કસ્ટમાઇઝ્ડ રસોડા સંબંધિત વસ્તુઓ માટે મળેલા

ઓર્ડરના અનુસંધાનમાં ઇટાલીમાં ઓર્ડર આપ્યા હતા. ઉક્ત માલનું શિપમેન્ટ પ્રતિવાદી દ્વારા અરજદાર–ડીએચએલ મારફતે રવાના કરવામાં આવ્યું હતું.

૩.૨ અરજદારે અધિનિયમની કલમ ૪૩૩ અને ૪૩૪ હેઠળ તારીખ ૨૧.૦૫.૨૦૧૩ ના રોજ કાનૂની નોટિસ આપી અને ઉપરોક્ત કુલ મૂળ રકમ રૂ. ૧,૮૪,૨૮૬.૫૭ પૈસા ઉપરાંત સંબંધિત નિયત તારીખોથી ગણવામાં આવેલ ૧૮% વ્યાજની ચુકવણીનો દાવો કર્યો, અને આમ તારીખ ૨૦.૦૫.૨૦૧૩ સુધી કુલ રૂ. ૨,૧૩,૯૪૬.૨૦ પૈસાની માંગણી કરી. તારીખ ૨૩.૦૫.૨૦૧૩ ના રોજ એક શુદ્ધિપત્ર નોટિસ આપવામાં આવી હતી. ત્યારબાદ આ કંપનીને ફડચામાં લઈ જવાની અરજી દાખલ કરવામાં આવી.

૩.૩ કંપની ઉપસ્થીતિ થઈ અને તેના એક ડિરેક્ટર શ્રી ચિંતનભાઈ હિમાંશુભાઈ ઠક્કર મારફત સોગંદનામું દાખલ કર્યું. તેમાં, કંપનીએ અરજદારના અધિકૃત પ્રતિનિધિ એક શ્રી મિતેશ શાહ અને ઉક્ત ડિરેક્ટર–જવાબી સોગંદનામાના સોગંદકર્તા વચ્ચે થયેલ ઈ–મેઈલના આદાન–પ્રદાનનો ઉલ્લેખ કર્યો. અરજદારના દાવા સામે પોતાનો બચાવ રજૂ કરતાં, અરજદારનો કેસ એવો છે કે, જેનો અહીં પહેલેથી જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, કે તે મોડ્યુલેટેડ કિચન ઇન્સ્ટોલેશનનો વેપાર કરે છે. ઓર્ડર ઇટાલીમાં આપવામાં આવ્યા હતા અને રસોડાના વિસ્તાર, ફિક્સર,

ગેજેટ્સ અને આવી તમામ જરૂરિયાતોના ચોક્કસ માપ મુજબ કન્ટેનર ઇટાલીથી મોકલવામાં આવ્યા હતા. તેણે જણાવ્યું કે દરેક રસોડાનું પોતાનું પરિમાણ અને વિશિષ્ટતાઓ હોવાથી, માલની ડિલિવરીમાં કોઈપણ વિલંબ અથવા ઓર્ડર રદ થવાથી ભારે નુકસાન વેઠવું પડશે કારણ કે આ માલ, ફિક્સર, ઈન્સ્ટોલેશન, ફર્નિચર વગેરે માપ મુજબ સખત રીતે બનાવવામાં આવ્યા હતા, અને તે મુજબ કસ્ટમાઇઝ્ડ માલ હતો. વધુમાં એવું જણાવવામાં અને રજૂ કરવામાં આવ્યું છે કે જો ગ્રાહકો દ્વારા નકારવામાં આવે, તો તેનો ઉપયોગ અન્ય કોઈ હેતુ કે ઓર્ડર માટે કરી શકાતો નથી અને માત્ર પ્રતિવાદીએ જ ઓર્ડર આપવાનો જ નહીં, પરંતુ ડિલિવરીનો પણ ખર્ચ ઉઠાવવો પડશે. આ બધા ઉપરાંત, બજારમાં સદ્ભાવનાનું ભારે નુકસાન થશે જે આજના વિશ્વમાં ખૂબ જ સ્પર્ધાત્મક બજાર છે. જવાબી સોગંદનામાની વિગતોનો આ ચુકાદાના પછીના ભાગમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

૩.૪ અરજદારે કંપનીના બચાવને રદિયો આપવા અને કંપનીને ફડચામાં લઈ જવા માટેના પોતાના કેસને આગળ વધારવા માટે જવાબનું સોગંદનામું દાખલ કર્યું છે. જવાબમાં અન્ય બાબતોની સાથે એવું જણાવવામાં આવ્યું હતું કે, પ્રશ્નમાં રહેલ માલસામાનના પરિવહનની ચોક્કસ પદ્ધતિ પસંદ કરવાનું મેસર્સ હિનકાસા કોર્પોરેશન પ્રાઈવેટ લિમિટેડ પર નિર્ભર હતું. મેસર્સ હિનકાસા કોર્પોરેશન પ્રાઈવેટ લિમિટેડે

માલ મોકલવાની એક ચોક્કસ પદ્ધતિ પસંદ કરી હતી, એટલે કે, માલને દરિયાઈ કાર્ગો તરીકે મોકલવાનો હતો અને તેથી, બિલ ઓફ લેડિંગમાં પરિવહનની આવી પદ્ધતિ અંગે 'વહનની શરતો' નામનું એક જોડાણ હતું. તેની કલમ ૧૪.૧ એવી છે કે વાહક દ્વારા આગમનના સમયની કોઈ ખાતરી આપવામાં આવતી નથી, જે વિલંબ અથવા અન્ય કોઈ પણ કારણસર અને ગમે તે રીતે થયેલા પ્રત્યક્ષ, પરોક્ષ અથવા પરિણામી નુકસાન કે ક્ષતિ માટે કોઈ પણ સંજોગોમાં જવાબદાર રહેશે નહીં. આમ, આ બાબત સ્પષ્ટ કરે છે કે જો પરિવહન દરિયાઈ કાર્ગો તરીકે હોય, તો જે જણાવી શકાય તે ફક્ત "ઈટીએ" એટલે કે આગમનનો અપેક્ષિત સમય છે. જ્યારે માલ દરિયાઈ માર્ગે મોકલવામાં આવે, ત્યારે ફોરવર્ડિંગ એજન્ટ આગમનનો નિશ્ચિત કે ખાતરીપૂર્વકનો સમય આપી શકે નહીં. જો માલ પહોંચાડવાનો સમયગાળો કરારનો મુખ્ય સાર હોત, જે હાલના કિસ્સામાં નથી, તો પ્રતિવાદી કંપનીએ હવાઈ કાર્ગો તરીકે પરિવહનનો વિકલ્પ પસંદ કરવો જોઈતો હતો, જે માલસામાનના આગમનનો નિશ્ચિત સમય આપે છે અને જે તેથી, દરિયાઈ પરિવહન કરતાં ઘણો વધુ ખર્ચાળ છે.

૪. અરજદાર તરફે વિદ્વાન વકીલ શ્રી બ્રિજેશ ત્રિવેદીએ રજૂઆત કરી કે માલસામાનની સુપરત ચોક્કસ સમયમર્યાદામાં કરવાની ખાતરી આપતી કોઈ શરત ન હતી અને જે દર્શાવવામાં આવ્યું હતું તે માત્ર સુપરતનો અંદાજિત સમય હતો. તેમની વધુ રજૂઆત મુજબ, અરજદાર વિલંબ માટે

બંધાયેલ ન હતા. તેમણે રજૂઆત કરી કે માલસામાન દરિયાઈ માર્ગે મોકલવાનો હતો અને ફોરવર્ડિંગ એજન્ટ પહોંચવાનો નિશ્ચિત કે ખાતરીપૂર્વકનો સમય આપી શકે નહીં. એવી દલીલ કરવામાં આવી હતી કે હાલના કિસ્સામાં સુપરતનો સમયગાળો કરારનો મુખ્ય તત્વ ન હતો અને જો તેમ હોત, તો અરજદારના વિદ્બાન વકીલની રજૂઆત મુજબ, પ્રતિવાદીએ હવાઈ–માર્ગે માલસામાન મોકલવાનો વિકલ્પ પસંદ કર્યો હોત. તેમણે રજૂઆત કરી કે તે કિસ્સામાં, પહોંચવાનો ચોક્કસ સમય જણાવી શકાયો હોત, જોકે પ્રતિવાદીએ દરિયાઈ–માર્ગે પરિવહન પસંદ કર્યું, કદાચ કારણ કે હવાઈ–માર્ગે પરિવહન વધુ ખર્ચાળ હતું.

૪.૧ વિદ્બાન વકીલે રજૂઆત કરી કે અરજદાર કોઈ પણ વિલંબ માટે જવાબદાર ન હતા. તેમણે વાહક–ડેનમાર લાઈન્સ દ્બારા જારી કરાયેલ બિલ ઓફ લેડિંગની પાછળ છાપેલી શરતો અને ખાસ કરીને તેમાંની શરત નં. ૧૪ પર આધાર રાખ્યો અને તેનો પુનરોચ્ચાર કર્યો. તેમણે રજૂઆત કરી કે માલસામાન ચોક્કસ સમયે ગંતવ્ય સ્થાને પહોંચશે તેની કોઈ ખાતરી ન હતી. તેમની વિસ્તૃત અને ભારપૂર્વકની દલીલોમાં, તેમણે રજૂઆત કરી કે કંપની ખરેખર ચુકવણીની તેની જવાબદારીમાંથી બચવા અને ટાળવા માંગતી હતી અને તેની પાસે કોઈ બચાવ નથી જે સદ્ભાવનાપૂર્વક ઉઠાવી શકાય. તેમણે જવાબના સોગંદનામાનો ઉલ્લેખ કર્યો અને દલીલ કરી કે બચાવનો કોઈ અંશ ન હતો, પરંતુ ખોટી

સહાનુભૂતિ જગાવવા માટે આ દલીલ ઉઠાવવામાં આવી હતી અને તે ટકવાપાત્ર ન હતી. તેમના મતે, તે એક પોકળ બચાવ હતો.

૪.૨ અરજદારના વિદ્ધાન વકીલે ઉપર નોંધેલી તેમની વિવિધ દલીલોના સમર્થનમાં, નીચેના નિર્ણયો પર આધાર રાખ્યો, (i) ચતુરભાઈ વિઠ્ઠલદાસ જસાણી વિ. મોરેશ્વર પરાશરમ અને અન્ય [એઆઈઆર ૧૯૫૪ એસસી ૨૩૬], (ii) ગોમથીનાયગમ પિલ્લૈ અને અન્ય વિ. પલાનિસ્વામી નાદર [એઆઈઆર ૧૯૬૭ એસસી ૮૬૮], (iii) મેસર્સ મધુસુદન ગોરધનદાસ એન્ડ કં. વિ. મધુ વૂલન ઇન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ [એઆઈઆર ૧૯૭૧ એસસી ૨૬૦૦], (iv) સ્મિતા કંડક્ટર્સ લિ. વિ. યુરો એલોયઝ લિ. [એઆઈઆર ૨૦૦૧ એસસી ૩૭૩૦] અને (v) આઈબીએ હેલ્થ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ વિ. ઈન્ફો-ડ્રાઈવ સિસ્ટમ્સ એસડીએન. બીએચડી [(૨૦૧૦) ૧૦ એસસીસી ૫૫૩]. આ નિર્ણયો પર આધાર રાખીને, વિદ્ધાન વકીલે પત્રવ્યવહારમાંથી ઉદ્ભવતા કરારમાંથી શરતોને પારખવાના સિદ્ધાંત પર ભાર મૂકવા માંગતા હતા અને આ કિસ્સામાં, સંપન્ન થયેલા કરારમાં, એવી કોઈ શરત ન હતી જે અરજદારને વિલંબિત ડિલિવરી માટે જવાબદાર ઠેરવે. સર્વોચ્ચ અદાલતના આઈબીએ હેલ્થ (ઈન્ડિયા) પ્રા. લિ. (ઉપરોક્ત) ના નિર્ણયનો તેમના દ્વારા એવો તર્ક કરવા માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો કે પ્રતિવાદી કંપની પાસે કોઈ માન્ય બચાવ ન હતો, પરંતુ બચાવમાંની

દલીલો અરજદારને ચૂકવવાપાત્ર દેવામાંથી વંચિત રાખવા અને તેનો ઈનકાર કરવા માટે એક ચાલાકીભર્યું મહોરું હતું.

૪.૩ બીજી તરફ, પ્રતિવાદીના વિદ્વાન વકીલ શ્રી અંશિન દેસાઈએ સોગંદનામા–જવાબ પર આધાર રાખ્યો હતો. તેમણે રજૂઆત કરી કે કરારમાં સમય એક મહત્વપૂર્ણ તત્વ હતું અને સમયબદ્ધ ડિલિવરી માટે અરજદાર દ્વારા સંમતિ આપવામાં આવી હતી. તેમણે વધુમાં રજૂઆત કરી કે અરજદારના બેજવાબદાર વર્તન અને તેના પરિણામે થયેલા વિલંબને કારણે, ગ્રાહકોએ કંપની પાસેથી શુલ્ક વસૂલ્યો હતો. તેમણે સોગંદનામા–જવાબની વિગતોમાંથી પ્રતિવાદીના બચાવના નીચેના પાસાઓને પ્રકાશિત કર્યા,

(i) અરજદારને જાણ કરવામાં આવી હતી કે માલસામાન ૩ કાર્યકારી દિવસોમાં ખાલી કરી દેવો જોઈએ.

(ii) ગંતવ્ય બંદર મુંદ્રા, ભારત હતું અને મૂળ સ્થાન ટ્રિએસ્ટ, ઇટાલી હતું, ભાવપત્રકની મૂળ તારીખ ૧૨.૦૪.૨૦૧૨ હતી. અરજદાર કંપનીમાં સેવા આપતા શ્રી મિતેશ શાહ નામના એક વ્યક્તિએ ઈ–મેઈલ દ્વારા તારીખ ૧૩.૦૪.૨૦૧૨ના રોજ સંદેશાવ્યવહાર કરીને ડાયરેક્ટરને જણાવ્યું કે ઇટાલીથી આઈસીડી–અમદાવાદ સુધીના શ્રેષ્ઠ દરિયાઈ નૂર દરો ઉપલબ્ધ હતા અને માલ ઇટાલીથી રવાના કરવા માટે તૈયાર હતો.

(iii) પ્રતિવાદી કંપની વતી મોકલવામાં આવેલ તારીખ ૦૭.૦૪.૨૦૧૨ ના ઈ–મેલમાં, અમુક નિયમો અને શરતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો અને તેમાંથી એક એ હતી કે માલસામાન ૩ કામકાજના દિવસોમાં છોડાવવાનો રહેશે અને કંપની કોઈ ડેમરેજ અથવા પોર્ટ સ્ટોરેજ ચાર્જ વગેરે ચૂકવશે નહીં.

(iv) અરજદારનો હેરાનગતિ શરૂ કરવાનો ઈરાદો તારીખ ૨૩.૦૪.૨૦૧૨ થી સ્પષ્ટ હતો જ્યારે કંપનીના પ્રતિનિધિને જણાવવામાં આવ્યું હતું કે ઇટાલીમાં આંતરિક પરિવહન માટે અમુક વધારાનો ચાર્જ ચૂકવવો પડશે, જેના જવાબમાં પ્રતિવાદીએ જણાવ્યું હતું કે બીજો સ્ટોક ચાર્જ યોગ્ય ન હતો કારણ કે આર્ટવુડ અને કેલિગેરિસ એ બે વચ્ચેનું અંતર ભાગ્યે જ ૧૦ મિનિટની ડ્રાઇવનું હતું અને લોડિંગ તે જ તારીખે થવું જોઈએ. કારણ કે પ્રતિવાદીને સરળ અને અસરકારક વ્યવસાયિક વ્યવહારમાં રસ હતો, સોગંદનામું કરનારે સંમતિ આપી અને શ્રી મિતેશ શાહને આગળ વધવા માટે નિર્દેશ આપ્યો.

(v) જોકે એવું નક્કી કરવામાં આવ્યું હતું કે માલ ઇટાલીથી રવાના કરવાનો હતો અને ઉતારવાનું સ્થળ મુન્દ્રા બંદર હતું, તેમ છતાં કંપનીને તારીખ ૧૫.૦૫.૨૦૧૨ ના રોજ માલ–આગમનની

સૂચના મોકલવામાં આવી હતી, જેમાં માલ ઉતારવાના બંદર તરીકે મુન્દ્રા બંદરને બદલે ન્હાવાશેવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

(vi) અરજદાર તેની ડિલિવરીની પ્રતિબદ્ધતાઓનું પાલન કરતો ન હોવાથી, સોગંદનામું કરનારે અરજદારને નોટિસ આપીને જણાવ્યું કે મોડી ડિલિવરી સ્વીકારવામાં આવશે નહીં.

(vii) માલસામાનની ડિલિવરી તારીખ ૩૦.૦૫.૨૦૦૨ ના રોજ કરવાની હતી. તેમાં માત્ર વિલંબ જ નહોતો થયો, પરંતુ પ્રતિવાદી કંપની દ્વારા મોકલવામાં આવેલા સ્મૃતિપત્રોનો પણ કોઈ જવાબ આપવામાં આવ્યો ન હતો, જેના કારણે ગ્રાહકોએ તારીખ ૦૧.૦૬.૨૦૧૨ થી કંપનીના ખાતામાંથી દરરોજ રૂ. ૨૦૦૦/- નો ચાર્જ લગાવીને રકમ ઉધારવાનું શરૂ કર્યું હતું.

(viii) એક કુ. લુઇસા અને શ્રી મિતેશ શાહ ગ્રાહકો સાથે વ્યવહાર કરતા હતા. તારીખ ૧૧.૦૬.૨૦૧૨ ના રોજ, આ બંને વ્યક્તિઓને એક ઈ-મેલ મોકલવામાં આવ્યો હતો કે તેઓ માલ પહોંચાડવાની પ્રતિબદ્ધતાઓનું પાલન કરી રહ્યા નથી અને કન્ટેનર નંબર આપીને અરજદારને તેમના બેદરકારીભર્યા વર્તન અંગે ફરિયાદ કરવામાં આવી હતી.

(ix) અરજદારના પ્રતિનિધિએ વચન આપ્યું હતું કે પ્રશ્નમાં રહેલ માલસામાન (શિપમેન્ટ) ૩૦.૦૫.૨૦૧૨ ના રોજ મુંદ્રા બંદરે પહોંચી જશે. ૧૧.૦૬.૨૦૧૨ ના રોજ અરજદારના પ્રતિનિધિ દ્વારા એક ઈ-મેલ મોકલવામાં આવ્યો હતો, જેમાં એમએસસી (MSC) પાસેથી મળેલ ઈ-મેલ ફોરવર્ડ કરવામાં આવ્યો હતો, જેમાં કન્ટેનર સલાલાહ-ઓમાન ખાતે હોવાનું શોધી કાઢવામાં આવ્યું હતું.

(x) આ બાબતની જાણ એટલા માટે થઈ કારણ કે જ્યારે નિયામક-સોગંદનામું કરનારે મેડિટેરેનિયન શિપિંગ કંપની પાસેથી જહાજને ટ્રેક કરવાનું શરૂ કર્યું ત્યારે તેમને જાણવા મળ્યું કે ૧૭.૦૬.૨૦૧૨ ના રોજ પણ કન્ટેનર ઉતારવામાં આવ્યું ન હતું અને તે હજુ પણ સલાલાહ-ઓમાનમાં હતું.

(xi) તારીખ ૨૫.૦૬.૨૦૧૨ ના રોજ, સોગંદનામું કરનારને એમએસસી એજન્સી (ઇન્ડિયા) પ્રા. લિ. તરફથી માલ-આગમનની સૂચના મળી હતી, જેમાં જણાવવામાં આવ્યું હતું કે માલ મુંદ્રા બંદરે આવી ગયો છે અને મફત સમયની સમાપ્તિને કારણે વિલંબ શુલ્ક ચૂકવવાના રહેશે.

(xii) તારીખ ૦૪.૦૯.૨૦૧૨ ના રોજ, અરજદારના અધિકૃત વ્યક્તિને જણાવવામાં આવ્યું હતું કે સોગંદનામું કરનારના મોટા ભંડોળ અટકી ગયા હતા પરંતુ સોગંદનામું કરનારને વધારાની જકાત ચૂકવવા માટે મજબૂર કરવામાં આવ્યા હતા; અને અરજદાર દ્વારા ગેરકાયદેસર રીતે અટકાવી રાખવામાં આવેલા તમામ મૂળ દસ્તાવેજો અરજદાર દ્વારા મુક્ત કરવા જરૂરી હતા, જેના જવાબમાં ઉક્ત શ્રી મિતેશ શાહે જવાબ આપ્યો હતો કે અરજદાર કંપની આ મુદ્દાનો ઉકેલ લાવશે.

(xiii) તે જ રીતે, ૦૭.૦૯.૨૦૧૨ ના રોજ, અરજદાર કંપનીના મિતેશ શાહને મૂળ દસ્તાવેજો તાત્કાલિક છૂટા કરવા માટે ફરીથી વિનંતી કરવામાં આવી હતી. એવું ધ્યાન દોરવામાં આવ્યું હતું કે સોગંદનામું કરનારના મૂળ દસ્તાવેજોની ડિલિવરી ન થવાને કારણે, સોગંદનામું કરનારને કસ્ટમ ક્લિયરન્સની સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો હતો, અને સોગંદનામું કરનાર પર દંડ લાદવામાં આવ્યો હતો.

૪.૪ પ્રતિવાદી કંપનીના વિદ્વાન વકીલે વધુમાં રજૂઆત કરી કે અરજદાર દ્વારા જે બિલ ઓફ લેડિંગની શરત નં. ૧૪ પર આધાર રાખવામાં આવ્યો છે તે ક્યારેય કરારનો ભાગ ન હતી. તે શરત અરજદારને કંપનીના સંબંધમાં માલસામાનની સમયસર ડિલિવરી માટેના કાયદા હેઠળના તેના

દાયિત્વોમાંથી મુક્ત કરતી નથી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે મૂળ દસ્તાવેજો પરત કરવામાં આવ્યા ન હતા, જેના કારણે કંપનીને કસ્ટમ ચાર્જ વગેરે ચૂકવવાની ફરજ પડી હતી.

૪.૫ પ્રતિવાદીના વિદ્વાન વકીલે આઈબીએ હેલ્થ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ વિ. ઈન્ફો-ડ્રાઈવ સિસ્ટમ્સ એસડીએન. બીએચડી [(૨૦૧૦) ૧૦ એસસીસી ૫૫૩] માં સર્વોચ્ચ અદાલતના નિર્ણય પર પણ આધાર રાખ્યો, અને રજૂઆત કરી કે બચાવ સદ્ભાવનાપૂર્ણ અને સાર્થક હોવાથી, કંપનીને ફડચામાં લઈ જવાની અરજી ધ્યાને લેવી જોઈએ નહીં. ત્યારબાદ તેમણે અમેરિકન એક્સપ્રેસ બેંક લિ. વિ. કોર હેલ્થ કેર લિ. [૧૯૯૯ કંપની કેસીસ ૮૪૧] માં આ અદાલતના નિર્ણય પર, તેમજ ટાટા આયર્ન સ્ટીલ કંપની લિમિટેડ વિ. માઈક્રો ફોર્જ (ઇન્ડિયા) લિમિટેડ [૨૦૦૦ (૨) જીએલઆર ૧૫૯૪] માં આ અદાલતની ખંડપીઠના નિર્ણય પર આધાર રાખ્યો. આ જ પ્રસ્થાપના માટે ન્યૂ ઇન્ડિયા કોલ કોર્પોરેશન વિ. મિલેનિયમ ફોર્જિંગ પ્રાઈવેટ લિમિટેડ [૨૦૦૯ (૧) જીએલઆર ૫૭૭] માં આ અદાલતના અન્ય એક નિર્ણય પર આધાર રાખવામાં આવ્યો.

૫. આઈબીએ હેલ્થ (ઇન્ડિયા) પ્રા. લિ. (ઉપરોક્ત) ના કેસમાં, સર્વોચ્ચ અદાલતે કંપની અદાલત દ્વારા વિસર્જનની હકુમતના ઉપયોગ અંગેના કાયદાના સિદ્ધાંતની વિગતવાર રૂપરેખા આપી હતી અને આ વિષય પરના

તેના અગાઉના નિર્ણયોનો ઉલ્લેખ કર્યા પછી, અન્ય બાબતોની સાથે નીચે મુજબ જણાવ્યું હતું,

> "એ સુસ્થાપિત કાયદો છે કે જો લેણદારનું દેવું સંગીન આધારો પર સદ્‌ભાવપૂર્વક વિવાદિત હોય, તો અદાલતે વિસર્જનની અરજી ફગાવી દેવી જોઈએ અને લેણદારને સૌ પ્રથમ તેની માંગણી દાવો દાખલ કરીને સ્થાપિત કરવા માટે છોડી દેવો જોઈએ, જેથી વિસર્જનની કાર્યવાહીના દુરુપયોગનો ભય ન રહે. કંપની અદાલત હંમેશા વિવેકબુદ્ધિ જાળવી રાખે છે, પરંતુ વિવાદના પક્ષકારને સદ્‌ભાવપૂર્વક વિવાદિત દેવું ચૂકવવા માટે કંપની પર દબાણ કરવાના સાધન તરીકે વિસર્જનની અરજીની ધમકીનો ઉપયોગ કરવાની મંજૂરી આપવી જોઈએ નહીં. વિવાદ ત્યારે જ સંગીન અને વાસ્તવિક ગણાશે જો તે સદ્‌ભાવપૂર્વકનો હોય અને બનાવટી, કાલ્પનિક, ભ્રામક કે ખોટી ધારણા પર આધારિત ન હોય. કંપની અદાલત પાસેથી, વિસર્જનની અરજીના તબક્કે, આ બાબતની સંપૂર્ણ સુનાવણી યોજવાની અપેક્ષા રાખવામાં આવતી નથી. તેણે એ નક્કી કરવાનું હોય છે કે શું આધારો સંગીન જણાય છે. વિવાદના આધારો લેણદારને તેના ન્યાયી અને પ્રામાણિક હકથી વંચિત રાખવા માટે શોધાયેલ કોઈ ચાલાકીભર્યા બહાનારૂપ ન હોવા જોઈએ અને તે માત્ર તકરાર ન હોવી જોઈએ." (ફકરો–૧૨)

૫.૧ ટાટા આયર્ન સ્ટીલ કંપની લિમિટેડ (ઉપરોક્ત) ના કેસમાં, આ અદાલતની ખંડપીઠે ચુકાદાના ફકરા–૧૭ માં, કંપનીને ફડચામાં લઈ જવાની સત્તાના ઉપયોગને નિયંત્રિત કરતા સિદ્ધાંતો અને માપદંડોની રૂપરેખા આપી હતી. તે પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો કે ફડચામાં લઈ જવાનો ઉપાય એ અંતિમ ઉપાય છે અને તેનો ઉપયોગ લેણાંની ચુકવણી મેળવવા માટે દબાણની યુક્તિ તરીકે કરવાનો નથી. ન્યૂ ઈન્ડિયા કોલ કોર્પોરેશન (ઉપરોક્ત) ના કેસમાં, ફરીથી જણાવવામાં આવ્યું હતું કે જ્યાં હકીકતો પરથી, વિવાદ સાચો અને સદ્ભાવનાપૂર્વકનો જણાય, ત્યાં અદાલત ફડચામાં લઈ જવા માટે તેની વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવા અનિચ્છા દર્શાવશે.

૬. હવે, પ્રતિવાદી કંપની દ્વારા ઉઠાવવામાં આવેલા બચાવની રચના કરતા તથ્યો અને પાસાઓ પર પાછા ફરીએ અને તેની પુનઃવિચારણા કરીએ તો, અરજદાર કંપનીની સેવાઓ, જે હવાઈ અને દરિયાઈ માલવાહક પરિવહનમાં વૈશ્વિક કુશળતા ધરાવવાનો દાવો કરતી હતી, તે પ્રતિવાદી કંપની દ્વારા ઇટાલીથી માલના પરિવહનના હેતુ માટે મેળવવામાં આવી હતી. અરજદાર મારફતે પરિવહન માટે ગોઠવવામાં આવેલ માલ મોડ્યુલેટેડ રસોડાના સ્થાપન સંબંધિત કસ્ટમાઇઝ્ડ વસ્તુઓના સ્વરૂપમાં હતો. તેથી કેસ એવો છે કે માલસામાનની સમયબદ્ધ ડિલિવરી એ એક અનિવાર્ય અને અંતર્ગત જરૂરિયાત હતી. પ્રતિવાદી કંપની વતી એવી

દલીલ કરવામાં આવી હતી કે કરારના સ્વભાવ મુજબ જ, સમયગાળો આવશ્યક હતો, જેના કારણે કરારની ગોઠવણ મુજબ અરજદાર પાસેથી નિપુણ સેવાઓ મેળવવાનું પસંદ કરવામાં આવ્યું હતું.

૬.૧ આ સંદર્ભમાં, પ્રતિવાદી કંપનીના વિદ્વાન વકીલની રજૂઆત અને દલીલને સહેલાઈથી અવગણી શકાય નહીં કે પક્ષકારો વચ્ચે પ્રારંભિક તબક્કાથી જ થયેલા પત્રવ્યવહારમાં, માલસામાન સમયસર પહોંચાડવા, સમયસર ડિલિવરી અને જરૂરિયાતનું સ્વરૂપ તથા વિલંબના પરિણામો વિશેની શરતો અને જરૂરિયાતો પર ખૂબ જ ભાર મૂકવામાં આવ્યો હતો. પ્રતિવાદી કંપનીના પ્રતિનિધિ દ્વારા અરજદારને મોકલવામાં આવેલ તારીખ ૦૭.૦૪.૨૦૧૨ ના ઈ–મેલમાં, અરજદારને સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું હતું કે માલસામાન ત્રણ કામકાજના દિવસોમાં ક્લિયર થવો જોઈએ અને કંપની કોઈ ડેમરેજ વગેરે ચૂકવશે નહીં. ઉક્ત ઈ–મેલ અહીં પુનઃપ્રસ્તુત કરવામાં આવે છે,

> "તરફથી:ચિયા [મેઇલટુ :] મોકલ્યું: શનિ ૧૨, ૧૧:૩૫ રાત્રે પ્રતિ: મિતેશ શાહ (ડીએચએલ આઈએન) વિષય: આરઈ: સી ફ્રેઈટ એક્સ–ઇટાલી ટુ ન્હાવા સેવા પોર્ટ, કન્સાઈની–હિનકાસા કોર્પોરેશન પ્રિય શ્રી મિતેશ, શું તમારી વિદેશી કચેરીને અમારા સપ્લાયર તરફથી કોઈ સંદેશ મળ્યો છે કે શું? કૃપા કરીને સ્પષ્ટતા કરશો.

ભય અંગે અમે નીચેના મુદ્દાઓની ચર્ચા કરવા માંગીએ છીએ.

અમદાવાદ ખાતે કન્ટેનરની ડિલિવરી.

અમદાવાદ ખાતે કસ્ટમ ક્લિયરન્સ.

કસ્ટમ ક્લિયરન્સ ડીએચએલ (અથવા ડીએચએલની એજન્સીઓ) દ્વારા થવું જોઈએ. અમે ડીએચએલના કોઈપણ એક અધિકૃત વ્યક્તિ સાથે વ્યવહાર કરીશું.

માલસામાન ૩ કાર્યકારી દિવસોમાં ક્લિયર થવો જોઈએ. અમે કોઈપણ ડેમરેજ અથવા પોસ્ટ સ્ટોરેજ ચાર્જ ચૂકવીશું નહીં. ડીએચએલ દ્વારા ફ્રી સ્ટોરેજ સમયગાળામાં માલસામાન ક્લિયર થવો જોઈએ. (બહારથી, આ તમામ મુદ્દાઓ પર તમારી પુષ્ટિ પછી ૩ કાર્યકારી દિવસોમાં તમામ કાગળની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે) તમારે "હિનકાસા કોર્પોરેશન (આઈ) પ્રાઈવેટ લિમિટેડ"ને લેખિતમાં ક્વોટેશન સબમિટ કરવું જોઈએ, જેમાં તમામ શુલ્ક વિગતવાર ઉલ્લેખિત હોય.

અવતરણના સંબંધમાં નીચેની બાબતોની ચર્ચા કરવાની રહેશે.

સમુદ્રી નૂર:– યુએસડી ૯૨૦/૨૦' સર્વ સમાવિષ્ટ –તે અમને મંજૂર છે. જો શક્ય હોય તો વધુ સારો દર આપો."

૬.૨ ફરીથી, તારીખ ૧૩.૦૪.૨૦૧૨ના રોજ અરજદાર તરફથી દરિયાઈ નૂરના દરની ઓફર કરતા ઈ–મેલમાં, તે દર ઇટાલીથી આઈસીડી

અમદાવાદ સુધીના હોવાનું જણાવવામાં આવ્યું હતું અને વધુમાં જણાવવામાં આવ્યું હતું કે કંપની દ્વારા પુષ્ટિ મળ્યા પર માલ રવાનગી માટે તૈયાર હતો. અરજદાર–ડીએચએલની માલ આયાતની શરતો અને નિયમોમાં, અન્ય બાબતોની સાથે, સમય અને કામકાજના દિવસો વિશે જણાવવામાં આવ્યું હતું. કંપનીનો કેસ એવો છે કે સંમત થયેલું ગંતવ્ય બંદર મુંદ્રા હતું, પરંતુ તારીખ ૧૪.૦૫.૨૦૧૨ના ભરતિયામાં, માલ ઉતારવાનું બંદર ન્હાવાશેવા દર્શાવવામાં આવ્યું હતું. વચ્ચે થયેલા પત્રવ્યવહારમાં, અરજદારે પ્રથમ વખત આંતરિક પરિવહન માટે કરવા પડનારા ખર્ચનો ઉલ્લેખ કર્યો હતો. અરજદાર તરફથી ઈ–મેલ કરાયેલા સંદેશાવ્યવહારમાં, એવું જણાવવામાં આવ્યું હતું કે માલને મુંદ્રા મોકલવા અને તેને આખરે અમદાવાદ પહોંચાડવા માટે, ઇટાલીમાં આંતરિક પરિવહન દરમિયાન જગ્યાની પુનઃગણતરી કરવામાં આવી હતી અને તે સંદર્ભમાં, શુલ્ક ચૂકવવાપાત્ર હતા. કંપનીનો કેસ એવો છે કે તે તરત જ ચૂકવણી કરવા માટે સંમત થઈ હતી અને અરજદારને આગળ વધવા માટે કહ્યું હતું કારણ કે સમયનું પરિબળ મહત્વનું હતું.

૬.૩ પત્રવ્યવહાર પરથી વધુમાં એવું બહાર આવ્યું કે અરજદારે જણાવ્યું હતું કે માલસામગ્રી આગમનના અંદાજિત સમય પછી પણ ડિલિવરી માટે પહોંચી ન હતી અને તેની ડિલિવરી કરવામાં આવી ન હતી અને ત્યારબાદ તારીખ ૩૦.૦૫.૨૦૧૨ સુધી, કંપનીએ એક પત્રવ્યવહાર કર્યો હતો.

વધુમાં એવું જણાય છે કે માલસામગ્રી પ્રતિબદ્ધ સમય મુજબ એટલે કે અમદાવાદ પહોંચવા માટે તારીખ ૩૦.૦૫.૨૦૧૨ ના રોજ અથવા તે પહેલાં પહોંચી ન હતી એટલું જ નહીં, તેને ટ્રેક કરતાં માલુમ પડ્યું કે માલસામાન તારીખ ૦૩.૦૬.૨૦૧૨ ના રોજ સલાલાહ–ઓમાન ખાતે પડ્યો હતો અને આગમનનો અંદાજિત સમય તારીખ ૨૧.૦૬.૨૦૧૨ હતો. ઉક્ત હકીકતોના આધારે, કંપનીનો કેસ એવો હતો કે અરજદારે ડિલિવરીમાં લાગનારા સમય અંગે પ્રતિવાદીને ખોટું નિવેદન આપ્યું હતું અને ગેરમાર્ગે દોર્યા હતા. રેકર્ડ પર પ્રતિવાદીના એક શ્રી ચિંતન ઠક્કર તરફથી તારીખ ૧૧.૦૬.૨૦૧૨ ના રોજનો ઈ–મેલ પત્રવ્યવહાર છે, જેમાં હકીકતો જણાવીને આ બાબતે ફરિયાદ કરવામાં આવી છે,

> "તરફથી:ચિયા [મેઈલટુ :] મોકલ્યું: સોમ૮:૪૬ પ્રતિ: લુઇસા સ્ક્રિવાન્ટે (ડીએચએલ આઈટી), મિતેશ શાહ (ડીએચએલ આઇએન) સીસી: ચિન્મયી છત્રપતિ (ડીએચએલ આઇએન), રજનીશા શર્મા (ડીએચએલ આઇએન), પવન.ઠક્કર @ ડીએચએલ.કોમ વિષય: ખોટી પ્રતિબદ્ધતાઓ.
>
> પ્રતિ, શ્રી લુઇસા/શ્રી મિતેશ,
>
> અમે ડીએચએલ સાથે વ્યવસાય શરૂ કર્યો તે પહેલાં, મેં તમને સ્પષ્ટપણે કહ્યું હતું કે કૃપા કરીને તમારી ડિલિવરીની પ્રતિબદ્ધતાઓનું પાલન કરશો.

તમારા કાર્ગો આગમન નોટિસમાં પુષ્ટિ કર્યા મુજબ અને સ્થાનિંક ડીએચએલ દ્વારા આપવામા આવેલી પ્રતિબદ્ધતાઓ મુજબ, અમારું કન્ટેનર નંબર: ટીઆરએલયુ૬૫૮૩૬૩૮ અમદાવાદમાં ૩૦મી મે ૨૦૧૨ ના રોજ અથવા તે પહેલાં પહોંચાડવાનું હતું.

અનેક ફોલો-અપ અને દૂરસંચાર પછી, આજે સવારે મને જાણ કરવામાં આવી કે અમારું કન્ટેનર સલાલાહમાં છે.

શું આને તમે ફોરવર્ડિંગના વેપારમાં "શ્રેષ્ઠ સેવા" કહો છો?

શું હું ડીએચએલ અને અન્ય સ્થાનિક કંપનીઓ વચ્ચેનો તફાવત જાણી શકું?

શું મેં આ કારણોસર ડીએચએલ સાથે હાથ મિલાવ્યા હતા?

શું આપણે ભવિષ્યમાં ડીએચએલને કોઈ વધુ કામ આપવું જોઈએ?

મને જણાવશો.

હું આશા રાખું છું કે, તમે મારા શબ્દોની ગંભીરતા સમજતા હશો.

આપનો વિશ્વાસુ,

૬.૪ કેસ એવો પણ છે કે વિલંબિત ડિલિવરીના પરિણામે આર્થિક નુકસાન થયું હતું અને કંપની તેના ગ્રાહકોના ઓર્ડર પૂરા કરી શકી ન હતી

અને ગ્રાહકોએ પ્રતિવાદીના ખાતામાંથી પ્રતિદિન રૂ. ૨૦૦૦/- ઉધારવાનું શરૂ કર્યું હતું.

૭. ઉપરોક્ત બચાવમાં ઉઠાવવામાં આવેલા કેટલાક પાસાઓ છે જે અહીં ઉપર નોંધી શકાય છે. ઉક્ત પાસાઓ અને સોગંદનામાની વિગતોમાં પ્રતિવાદી દ્વારા રજૂ કરાયેલ સંપૂર્ણ બચાવ અને અહીં અરજદારના વિદ્વાન વકીલ દ્વારા ઉપર ફકરા-૪.૩ માં પ્રકાશિત કરવામાં આવેલી બાબતોને ધ્યાનમાં લેતા, એવું કહી શકાય નહીં કે પ્રતિવાદી દ્વારા ઉઠાવવામાં આવેલો બચાવ સદ્ભાવનાપૂર્ણ નથી. તેમજ એવું પણ કહી શકાય નહીં કે ઉઠાવવામાં આવેલો બચાવ સર્વોચ્ચ અદાલત દ્વારા આઈબીએ હેલ્થ (ઈન્ડિયા) પ્રા. લિ. (ઉપરોક્ત) ના કેસમાં વપરાયેલ અભિવ્યક્તિ મુજબ “લેણદારને તેના ન્યાયી અને પ્રામાણિક હકથી વંચિત રાખવા માટે શોધાયેલું કપટપૂર્ણ મહોરું” છે. આ બચાવને માત્ર તકરાર તરીકે વર્ણવી શકાય નહીં. તેને નિરાધાર કે દેખાવ પૂરતો ગણી શકાય નહીં. બચાવ અને તેના ઘટકો ટકી શકે તેવા આધારો છે, અને જે કાર્યવાહીમાં સ્થાપિત થઈ શકે છે. બચાવ પ્રામાણિકપણે લેવામાં આવ્યો છે અને તે મૂળભૂત સ્વરૂપનો છે. આ દૃષ્ટિએ, અરજદાર દ્વારા કંપનીને ફડચામાં લઈ જવા માટે કોઈ કેસ બનતો નથી.

૮. ઉપરોક્ત કારણો અને ચર્ચાને ધ્યાનમાં લેતા, હાલની વિસર્જન અરજી સ્વીકારી શકાય તેમ નથી. તે આથી રદ કરવામાં આવે છે. નોટિસ રદ કરવામાં આવે છે.

૯. જોકે, એ સ્પષ્ટ કરવામાં આવે છે કે આ ચુકાદામાં કરવામાં આવેલા અવલોકનો અને પ્રતિવાદીના બચાવના વિસ્તૃત પાસાઓને તેના ગુણદોષ પર અભિવ્યક્તિ તરીકે ગણવામાં આવશે નહીં. તે જ બાબત, શરૂ કરવામાં આવી શકે તેવી કોઈ કાર્યવાહીમાં, યોગ્ય ફોરમ અથવા અદાલત સમક્ષ કોઈપણ પક્ષકારના કેસને પૂર્વગ્રહયુક્ત કરશે નહીં; જે, જો શરૂ કરવામાં આવે, તો કાયદા અનુસાર નિર્ણય કરવામાં આવશે.

(એન.વી. અંજારિયા, જે.)

ચંદ્રશેખર

*Translation of this Judgement has been provided by M/S Hyperlink E-Solutions Pvt. Ltd.*

=====================================================

**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER:</u>** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==============================================================